**શિર્ષક : કૃષિક્ષેત્રે આધુનિકતમ – ઉચ્ચ તજજ્ઞતા અપનાવી**

**નામ : ગીતાબેન વિજયભાઈ બોખરીયા** **શિક્ષણ : ૭ પાસ**

**ઉમર :૨૪ વર્ષ** **જમીન : ૧૨ એકર**

શ્રીમાતી ગીતાબેન એક નવીનતમ અને ઉચ્ચખેતીની તજજ્ઞતા અપનાવવા પોતાના પતિશ્રી વિજયભાઈને સાથ આપતા એવા ખુબજ ઉત્સાહી મહિલા છે. તેણી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આયોજિત તાલીમોમાં પણ ખુબજ રસપૂર્વક ભાગ લે છે. તેણી આત્મા ના એફ.આઈ.જી. (પશુપાલન) ગ્રુપ લીડર પણ છે. નાના ફુવારા પધ્ધતિ તેમજ શાકભાજી પાકોમાં આચ્છાદન (મીલ્ચીગ) અપનાવેલ છે.

તેના પતિના સહકારથી તેમજ નવા વિચારો તથા સુઝબુઝથી જીરાના પાકમાં ટપક પધ્ધતિ અપનાવી. તેમાં ઉગાવાના ટકામાં વધારા સાથે સારો વિકાસ, ખાતરનો બચાવ, પાણીનો બચાવ તેમજ ઓછામાં ઓછા રોગ-જીવાતથી પાક પકવી સારૂં ઉત્પાદન મેળવેલ છે. નેટ હોઉસ નો ઉપયોગ ધરૂં ઉછેર માટે કરવામાં આવે છે. કાળા પ્લાસ્ટિકના આચ્છાદન (મલ્ચીંગ) નો રીંગણીના પાકમાં ઉપયોગ કરી નીદમણથી મુક્ત તંદુરસ્ત છોડ સાથે સારો વિકાસ અને સારી ગુણવત્તાવાળું ઉત્પાદન મેળવી સારા બજારભાવ મળવાથી નફો મેળવેલ છે.



